ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં. અનુ. રજીસ્ટ્રેશન /11801/૨૦૨૨

તા 06/10/૨૦૨૨

## પરિપત્ર

ગુજરાત યુનિવર્સિટી તમામ પી.જી. કોર્ષ ચલાવવા ભવનો / સંલગ્ન પી.જી. કેન્દ્રોમાં રજિસ્ટ્રેશન બાબત

પ્રતિ,

વિભાગનાં વડાશ્રીઓ/આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ,

શ્રીમાન/શ્રીમતી,

માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં અનુસ્નાતક **M.A./M.Com/M.Sc/LLM/M.ED** તથા અન્ય પી.જી. કોર્ષ ચલાવતા તમામ ભવનો/અનુસ્નાતક કેન્દ્રોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે ભવનો/અનુસ્નાતક કેન્દ્રના વડાશ્રી/આચાર્યશ્રીઓ ને ફક્ત ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે જાણ કરવામાં આવે છે. રજિસ્ટ્રેશન વખતે નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખવા વિનંતી છે તેમજ તે સૂચનાઓ અને આદેશોનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે. આ શૈક્ષણિક વર્ષે ઓફલાઇન રજીસ્ટ્રેશન થશે નહીં. જેની નોંધ લેશોજી.

**(૧) ચાલુ વર્ષનાં અનુસ્નાતક રજીસ્ટ્રેશનનાં ઓનલાઇન ફોર્મ ૧૭-૧૦-૨૦૨૨ સુધીમાં નિયત ફી સાથે અચૂક મોકલવાનું રાખશો.**

(૨) પોસ્ટ ગ્રેજ્યુએટનાં નિયમો હેઠળ રજીસ્ટ્રેશન ફી રૂ. ૩૦૦+૫૦ ફોર્મ ફી= ૩૫૦/- છે તે પ્રમાણે વિદ્યાર્થી દીઠ રજીસ્ટ્રેશન ફી લેવાની રહેશે. જેની નોંધ લેવી.

(૩) જે વિદ્યાર્થીઓના પ્રવેશ યુનિવર્સિટીની કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ દ્વારા થયા ન હોય તથા વિદ્યાર્થીઓના ફોર્મની વિગતો કોલેજે ઓનલાઇન લોગઇન કરીને વિગતો એન્ટર કરવી. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓની બે યાદી પ્રિન્ટ કાઢી, ફી ભર્યાની રસીદ સાથે બન્ને યાદી પી.જી. વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૪) રજીસ્ટ્રેશન અરજીમાં વિદ્યાર્થી તેમજ આપનું કાર્યાલય પ્રત્યેક કોલમ કાળજીથી ભરે તે ખાસ જોવું. ભૂલચૂક દંડનીય બને છે.

(૫) વિદ્યાર્થીએ જે નામથી સ્નાતક પદવી મેળવી હોય તે જ નામે રજીસ્ટ્રેશનનું આવેદનપત્ર ભર્યુ છે કે કેમ તેની ચકાસણી કરવી. યુનિ. ની પૂર્વ પરવાનગી લીધા સિવાય નામમાં કરેલો ફેરફાર ચાલી શકશે નહિ જેની નોંધ લેશો.

(૬)છેલ્લી પદવી અન્ય યુનિવર્સિટીમાંથી મેળવી ગુજરાત યુનિવર્સિટીમાં નોંધણી કરનાર વિદ્યાર્થીએ ગુજરાત **યુનિવર્સિટીનું એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવવું જરૂરી છે,** તે મેળવ્યા પછી તેનો નંબર અને તારીખ રજીસ્ટ્રેશન અરજીમાં નિયત કોલમમાં અચૂક દર્શાવવા તેમજ તેની નકલ રજીસ્ટ્રેશન ફોર્મ સાથે અચૂક બીડવી. એલિજીબિલીટી સર્ટીફીકેટ મેળવ્યું હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવો. જેથી પત્રવ્યવહારમાં ઉતરવું ના પડે. એલિજીબિલીટી સિવાય **રજીસ્ટ્રેશન** રદ્ ગણાશે.

(૭) વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન અરજીમાં જે વિષય ભર્યા હોય તે વિષયોની જ હાજરી રાખે તથા જે વિષયો શીખવવાની યુનિ. દ્વારા મંજૂરી મળી હોય તે જ વિષયો વિદ્યાર્થી ભરે તે અવશ્ય ચકાસશો અન્યથા પરીક્ષામાં મુશ્કેલી ઉભી થાય તો કોલેજ/ભવનની જવાબદારી રહેશે. તેમજ બધા જ વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન અરજીઓ નિયત સમયમાં જ યુનિવર્સિટીને પહોંચાડવાની હોવાથી વિદ્યાર્થીઓ વેળાસર રજીસ્ટ્રેશન અરજીઓ ભરે તે ખાસ જોશો.

(૮) જે વિદ્યાર્થીઓનું ઓનલાઇન રજીસ્ટ્રેશન થયું ન હોય તેવા વિદ્યાર્થીઓની હાજરી તેમજ સેમેસ્ટર માન્ય ગણાશે નહી. સમયસર રજી. ફોર્મ ના મોકલનાર સંસ્થાના વડાશ્રીની અંગત જવાબદારી ઊભી થશે. આ વર્ષે ઓફલાઇન રજીસ્ટ્રેશન થશે નહી.

(૯) જે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થયું નહી હોય તે વિદ્યાર્થી યુનિ. પરીક્ષામાં બેસવાપાત્ર થશે નહી. રજીસ્ટ્રેશન ફોર્મ મોડું પડશે, ભૂલી જવાશે અને વિદ્યાર્થીને નુકસાન થશે તો સંસ્થાના આચાર્યશ્રીઓ/વિભાગના વડાશ્રીઓની અંગત જવાબદારી ઊભી થશે.

(૧૦) અનુસ્નાતક નિયમ ૩(બી) અનુસાર રજીસ્ટ્રેશનની મુદત પાંચ વર્ષની છે તે જોતાં પ્રવેશ મેળવ્યા બાદ ૫ વર્ષ પૂરા થાય ત્યારે રજિસ્ટ્રેશન રદ થાય. આવા વિદ્યાર્થીઓને નવેસરથી રજિસ્ટ્રેશન કરાવીને સેમિસ્ટર મંજુર કરાવ્યા બાદ પરીક્ષામાં બેસી શકે. જેની નોંધ લઈ જો આવા વિદ્યાર્થીઓ હોય તો તેની વિગતો અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી.

(૧૧) રજિસ્ટ્રેશન ફોર્મ સાથે Widhheld 0.127 ની માર્કશીટ બીડેલ હોય છે જે સ્વીકારી શકાય નહીં. આવા વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન થઈ શકશે નહીં. રજિસ્ટ્રેશન ફોર્મ સાથે તૃતીય વર્ષની પાસની માર્કશીટ સામેલ કરવી ફરજીયાત છે.

**રજિસ્ટ્રેશન માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન અંગે ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પર Online Login કરી પી.જી. કોર્ષ ચલાવતા તમામ ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે. એન્ટ્રી નહી કરનારના રજિસ્ટ્રેશન નંબર નહી પડે એની જવાબદારી જે તે સંસ્થા/ ભવનોની રહેશે.**

(૧૨) આ કાર્યાલયના તા. ૨૬/૦૨/૨૦૧૪નાં પત્રાંક: એકે/૯૮૪૧૦/૨૦૧૪નાં સંદર્ભમાં જણાવવાનું કે, સેલ્સ ફાઈનાન્સ કોલેજોએ ડેવલોપમેન્ટ ફી એ રજિસ્ટ્રેશન ફી સાથે જ જમા કરવાની થાય છે. આથી રજિસ્ટ્રેશન ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોરવર્ડિંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પી.જી. વિભાગ દ્વારા રજિસ્ટ્રેશન ફી સ્વીકારવામા આવશે. ડેવલોપમેન્ટ ફી વિના રજિસ્ટ્રેશન ફી સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેશો.

(૧૩) જે કોલેજો/ભવનોએ રજિસ્ટ્રેશન ફોર્મની ઓનલાઈન પ્રિન્ટ મેળવેલ છે તેમની કુલ ચુકવણીમાંથી વિદ્યાર્થી દીઠ ૧.૫૦/- રૂપીયા લેખે પ્રિન્ટીંગ ખર્ચ બાદ કરીને બાકીની રકમ ભરવાની રહેશે.

(૧૪) રજિસ્ટ્રેશન ફી ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ– ૩૮૦૦૦૯ નાં નામનો કઢાવીને મોકલવાનો રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર બેંક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. .
(DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)

ઉપરોક્ત સુચનાઓનું તમામ અનુસ્નાતક સંસ્થાઓના વડાશ્રીએ અચુક પાલન કરવાનું રાખવું.

કુલસચિવ
-Sd-

**નકલ રવાના:**

(૧) યુનિ. ભવનોના વિભાગનાં વડાશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રી
(૨) હિસાબનીશ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ – ૦૯
(૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ – ૦૯
(૪) ગુજરાત યુનિવર્સિટી માહિતી કેન્દ્ર, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ – ૦૯
(૫) કેશ કાઉન્ટર રૂમ નં. ૨૦ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ - ૦૯